જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૦૯/૨૦૨૫ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૧૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૧૩૫ લીટર દેશી દારૂ, ૫૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૨૨૮ કવાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૧ કાર અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતું. તેમજ જુગારધારા હેઠળ ૦૬ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૪,૮૪૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૧૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૦૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયાઃ– **સમાચાર યાદી નં. ૧૩૧૬/૨૦૨૫**

સેટેલાઈટઃ મિનલબહેન વા/ઓ અશ્વિનકુમાર શાહ (ઉ.વ.૫૨)(રહે. પી એન્ડ ટી સોસાયટી, વસ્ત્રાપુર રેલવે સ્ટેશન પાસે, વેજલપુર) તા.૧૮/૦૯/૨૦૨૫ કલાક ૦૦/૪૫ વાગ્યાના સુમારે સેટેલાઈટ, શ્રેયસ ફાઉન્ડેશન ચાર રસ્તા નજીકથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ મિનલબહેનના ગળામાંથી સોનાનું ડોકીયું કિમત રૂપિયા ૨૫,૯૭૦/– ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ મિનલબહેન શાહ એ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી વિજયભાઈ લઘુભાઈ ચલાવે છે.

નવરંગપુરાઃ કિરણબહેન વા/ઓ સતિષકુમાર ટેકચંદાની (ઉ.વ.૫૦)(રહે, સાતત્ય એવન્યુ, આશ્રય પ્લેટીના બાજુમાં, સ્વામિનારાયણ મંદિર રોડ, ન્યુ રાણીપ) તા.૧૬/૦૯/૨૦૨૫ રાતના ૧૧/૧૫ વાગ્યાના સુમારે નવરંગપુરા, લો–ગાર્ડન ચણીયાચોળી બજાર થી નળ વાળા સર્કલ નજીક ઉભા હતા ત્યારે એક્ટીવા ઉપર આવેલ એક પુરૂષ કિરણબહેન ટેકચંદાનીના ગળામાંથી સોનાનું મંગળસુત્ર કિમત રૂપિયા ૪૦,૦૦૦/– ખેચી તોડી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ કિરણબહેન ટેકચંદાનીએ તા.૧૮/૦૯/૨૦૨૫ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એન.દેસાઇ ચલાવે છે.

દાઝી જતા મૃત્યુઃ– **સમાચાર યાદી નં. ૧૩૧૭/૨૦૨૫**

વેજલપુરઃ નસીમબહેન વા/ઓ પરવેજભાઇ ખોખર (ઉ.વ.૩૨)(રહે.રોનકપાર્ક એ.પી.એમ.સી.માર્કેટ પાછળ વેજલપુર) તા.૧૪/૦૯/૨૦૨૫ સવારના ૬/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગેસની સગડી ઉપર ચા બનાવતા હતા ત્યારે ગેસનો બાટલો ફાટતા આગ લાગતા દાઝી ગયા હતા. સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૭/૦૯/૨૦૨૫ સાંજના ૬/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એમ.બોરખતરીયા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં. ૧૩૧૮/૨૦૨૫**

માધવપુરાઃ અબ્દુલહફીઝ અબ્દુલમજીદ શેખ (ઉ.વ.૩૭)(રહે.વોરાની ચાલી ઈદગાહ બ્રીજ પાસે અસારવા) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૯/૨૦૨૫ સાંજના ૫/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પ્રો.મ.સ.ઇ.શ્રી મુકેશભાઈ માવાભાઈ ચલાવે છે.

ઓઢવઃ કમલેશભાઇ મધુસુદનભાઇ ભટ (ઉ.વ.૭૧)(રહે.આરીહંતબાગ સોસાયટી આદીનાથનગર ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૯/૨૦૨૫ સવારના ૬/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઇ બોઘાભાઇ ચલાવે છે.

રામોલઃ કાંતિલાલ શંકરલાલ પટેલ (ઉ.વ.૬૪) (રહે.શારદાપાર્ક સોસાયટી, સુરેલીયા રોડ, અમરાઈવાડી વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૯/૨૦૨૫ સવારના ૬/૦૦ વાગ્યા પહેલા સોસાયટીના કંપાઉન્ડમાં આવેલ મંદિરની બાજુમાં ઝાડની ડાળી સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ફારૂકભાઇ અબ્બાસભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી